## બાંગ્લાદેશમાં હિન્દુ વેપારીની હત્યાના સંબંધે ત્રણની ધરપકડ

ઢાકા, તા.૪ : બાંગ્લાદેશના શરિયતપુર જિલ્લામાં એક હિન્દુ વેપારી પર તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરી તેને જીવતો સળગાવી દેવાના કેસમાં રવિવારે ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. એમ સ્થાનિક મીડિયા અહેવાલોમાં જણાવાયું છે. ઢાકાથી લગભગ ૧૦૦ કિલોમીટર દક્ષિણમાં શરિયતપુર જિલ્લાના દામુધામાં કેયુરભંગા બજાર નજીક ૫૦ વર્ષીય ખોકોન ચંદ્ર દાસ પર બુધવારે રાત્રે હુમલો કરવામાં આવ્યો હતો. તેમનું શનિવારે મૃત્યુ થયું હતું.

## સુરક્ષા દળોએ બારામુલ્લામાં આતંકવાદીઓના ઠેકાણાનો નાશ કર્યો

શ્રીનગર, તા. 4 (પીટીઆઈ) : સુરક્ષા દળોએ જમ્મુ-કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં એક આતંકવાદી ઠેકાણાનો નાશ કર્યો છે. એમ અહીંના એક અધિકારીએ રવિવારે જણાવ્યું હતું. સુરક્ષા દળોએ આ ઠેકાણામાંથી શસ્ત્રો અને દારૂગોળો પણ જપ્ત કર્યો છે. અધિકારીએ જણાવ્યું હતું કે, શનિવારે બારામુલ્લાના શીરી વિસ્તારમાં સુચલીવારન જંગલમાં સર્ચ ઓપરેશન દરમિયાન આ ઠેકાણાનો ખુલાસો થયો હતો.

## ઇન્દોરમાં દૂષિત પાણી : ઝાડાના 20 નવા કેસ મળ્યા

ઇન્દોર, તા. 4 (પીટીઆઈ) દેશના સૌથી સ્વચ્છ શહેરમાં દૂષિત પીવાના પાણીને કારણે ઝાડાનો રોગ ફાટી નીકળવા વચ્ચે આરોગ્ય ટીમોએ 9,000થી વધુ લોકોની તપાસ કર્યા બાદ રવિવારે ઇન્દોરમાં 20 નવા દર્દીઓ મળી આવ્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આરોગ્ય ટીમોએ શહેરના ભગીરથપુરા વિસ્તારમાં ચાલી રહેલા સર્વે દરમિયાન 2,354 ઘરોમાંથી 9,416 લોકોની તપાસ કરી હતી.

## ઓડિશાના અનધિકૃત ક્વોરીમાં ખડક ધસી પડતાં બેનાં મોત

ભુવનેશ્વર, તા. 4 (પીટીઆઈ) : ઓડિશાના ધેંકનાલ જિલ્લામાં એક અનધિકૃત પથ્થરની ખાણમાં ખડક ધસી પડતાં ઓછામાં ઓછા બે લોકોનાં મોત થયાં છે. એમ અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. આ ઘટના શનિવારે સાંજે બની હતી જ્યારે કેટલાક કામદારો જિલ્લાના મોટાંગા પોલીસ સ્ટેશનની હદ હેઠળ ગોપાલપુર ગામ નજીક આવેલી ખાણમાંથી પથ્થર કાઢવા ખોદકામ કરી રહ્યા હતા.

## ભારત સરહદ નજીક નેપાળના શહેરોમાં કોમી તંદગીલી

કાઠમંડુ, તા. 4 (પીટીઆઈ) : સોશિયલ મીડિયા પર કથિત ધાર્મિક સામગ્રીવાળા વીડિયો સામે વિરોધ પ્રદર્શનો રવિવારે હિંસક બન્યા હતા, જેનાથી ભારતીય સરહદ નજીક દક્ષિણ નેપાળમાં બે સ્થળોએ તણાવની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસે ભારતના રક્સૌલની સરહદે આવેલા પારસા જિલ્લાના બીરગંજ શહેરમાં પરિસ્થિતિને કાબૂમાં લેવા પોલીસે ટીયર ગેસના શેલ છોડ્યા હતા, જ્યાં શનિવારે ધનુષા જિલ્લામાં એક મસ્જિદમાં તોડફોડના વિરોધમાં પ્રદર્શનો થયાં હતાં.




# કારાકાસની સ્થિતિ, વીજળી ડુલ, દુકાનો પર કતાર

**ભારતીય** દૂતાવાસે વેનેઝુએલામાં રહેતા ભારતીયો માટે એક વોટ્સએપ ગ્રુપ બનાવીને તેના દ્વારા સૂચનાઓ શેર થઇ રહી છે

**સુપર** માર્કેટ બંધ અને નાના કરિયાણા સ્ટોર્સ ખુલ્લા, પણ તેના પર 500થી 600 લોકોની લાંબી લાઇનો લાગી : સુનિલ મલ્હોત્રા






કારાકાસ, તા. 04 : વેનેઝુએલા પર અમેરિકન વિમાનોએ બોમ્બમારો કરીને તેના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને પકડી લીધા અને તેમને ન્યૂ યોર્ક લઈ ગયા પછી, કરાકસ અને પડોશી શહેરોમાં ભય અને ગભરાટ ફેલાયો. હવાઈ હુમલાઓએ મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ અને પાવર ગ્રીડને ભારે નુકસાન પહોંચાડ્યું, જેના કારણે રાજધાનીનો મોટા ભાગ અંધકારમાં ડૂબી ગયો. સંદેશાવ્યવહાર નેટવર્ક ખોરવાઈ ગયા, શેરીઓ ઉજ્જડ થઈ ગઈ અને દુકાનો બંધ થઈ ગઈ, અને દેશ નેતા વગરનો થઈ ગયો હતો.

અહીંના ભારતીય સમુદાયના સભ્ય સુનિલ મલ્હોત્રાએ લેટિન અમેરિકન રાષ્ટ્રમાં વિકસિત પરિસ્થિતિનું વર્ણન કર્યું, જેમાં વ્યાપક માળખાકીય સુવિધાઓને નુકસાન, ખોરાક માટે મોટી કતારો અને ભય અને અનિશ્ચિતતાની વ્યાપક ભાવનાનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે કારાકાસમાં ભારતીય સમુદાય પ્રમાણમાં નાનો છે. ભારતીય દૂતાવાસે વેનેઝુએલામાં રહેતા ભારતીયો માટે એક વોટ્સએપ ગ્રુપ બનાવ્યું છે અને તેના દ્વારા સૂચનાઓ શેર કરી રહ્યું છે. હુમલા બાદ, મુખ્ય મથકો અને દુકાનો બંધ થઈ ગઈ હતી, અને જાહેર પરિવહન સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી, જેના કારણે શહેર ઠપ્પ થઈ ગયું હતું. અનિશ્ચિતતાનો માહોલ સર્વત્ર છવાઈ ગયો હતો, રહેવાસીઓ ઘરમાં જ રહ્યા હતા.

તેમણે ઉમેર્યું કે મોટાભાગના સુપરમાર્કેટ બંધ હતા. ફક્ત નાના પડોશના સ્ટોર્સ, જેને આપણે ભારતમાં કરિયાણા સ્ટોર્સ કહીએ છીએ, ખુલ્લા હતા, અને લાંબી કતારો હતી. દરેક બ્લોકમાં કદાચ 500 થી 600 લોકો લાઈનમાં ઉભા હતા, અને તેઓ એક સમયે ફક્ત એક કે બે લોકોને જ અંદર આવવા દેતા હતા. બીજા ઘણા લોકોની જેમ, મલ્હોત્રાને પણ પોતાનો ફોન ચાર્જ કરવા માટે જગ્યા શોધવા માટે લાંબા અંતર સુધી ચાલવું પડ્યું, તે એક ગેરકાયદેસર સેટઅપ હતું અને કલાકો સુધી રાહ જોવી પડી હતી. મલ્હોત્રાએ કહ્યું કે તે સાંજે 4 વાગ્યાની આસપાસ પોતાનો ફોન ચાર્જ કરવા ગયો હતો અને રાત્રે 11 વાગ્યાની આસપાસ જ પાછો ફરી શક્યો.

## માદુરોને કેવી રીતે પકડવામાં આવ્યા તેની દિલધડક વિગતો

**માદુરોની** જ નહીં, તેમના પાલતુ પ્રાણીઓની હિલચાલ પર પણ દિવસોથી નજર રખાતી હતી!

વોશિંગ્ટન, તા. 04 : દિવસો પહેલા અમેરિકાની સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સી (CIA) ની એક સીક્રેટ ટીમ પોતાની ઓળખ બદલીને વેનેઝુએલામાં દાખલ થઈ. આ ટીમમાં અનુભવી એજન્ટો સામેલ હતા. તેમનું મિશન માદુરોની દરેક હિલચાલ પર નજર રાખવાનું અને તેમની સાથે જોડાયેલી દરેક નાની-મોટી જાણકારી એકઠી કરવાનું હતું.

તેઓ કોઈની નજરમાં આવ્યા વિના મહિનાઓ સુધી કરાકાસની ગલીઓમાં છુપાઈને રહ્યા. તેઓ માદુરોની રોજિંદી દિનચર્યાને ટ્રેક કરતા, જેમ કે તેઓ સવારે ક્યાં જાય છે, શું ખાય છે, કોને મળે છે, એટલું જ નહીં તેમના પાલતુ પ્રાણીઓની આદતો પણ નોંધવામાં આવતી હતી. માદુરોની નજીકના વર્તુળમાં રહેલા એક અમેરિકા તરફી ઇનસાઇડરે આ ઓપરેશન માટે ઘણી ખાસ ટિપ્સ આપી હતી. આકાશમાં અમેરિકન સ્ટેલ્થ ડ્રોન સતત ઉડતા રહેતા, જે કોઈને ખબર ન પડે તે રીતે વીડિયો અને ફોટા મોકલતા હતા. આ બધું એટલું ખતરનાક હતું કે જો તેઓ પકડાઈ જાય તો મોત નિશ્ચિત હતું. વેનેઝુએલામાં અમેરિકન એમ્બેસી 2019 થી બંધ છે, જેના કારણે એજન્ટોને કોઈ બાહ્ય મદદ પણ મળી શકે તેમ નહોતી. માદુરોને પકડવાની જવાબદારી અમેરિકાની સૌથી ખતરનાક અને સ્પેશિયલ યુનિટ ‘ડેલ્ટા ફોર્સ’ને સોંપવામાં આવી હતી. અમેરિકાના કેન્ટકી શહેરમાં જોઇન્ટ સ્પેશિયલ ઓપરેશન્સ કમાન્ડે માદુરોના કમ્પાઉન્ડ એટલે કે રાષ્ટ્રપતિ ભવનનું ફૂલ-સ્કેલ મોડલ બનાવ્યું અને હુમલાની પ્રેક્ટિસ કરી. આ મિશનને ‘ઓપરેશન એબ્સોલ્યુટ રિઝોલ્વ’ નામ આપવામાં આવ્યું હતું. કમાન્ડો દિવસ-રાત પ્રેક્ટિસ કરતા. ઓપરેશનની શરૂઆત સાયબર એટેકથી થઈ. અમેરિકન હેકર્સે કરાકાસના મોટા ભાગનો વીજ પુરવઠો કાપી નાખ્યો. આખું શહેર અંધારામાં ડૂબી ગયું. 150 થી વધુ સૈન્ય વિમાનો 20 અલગ-અલગ બેઝ અને નેવી શિપ્સ પરથી ઉડ્યા અને અનેક ઠેકાણાઓ પર એકસાથે હુમલો કર્યો. આ હેલિકોપ્ટરો સમુદ્રની સપાટીથી માત્ર 100 ફૂટની ઊંચાઈએ ઉડીને વેનેઝુએલા પહોંચ્યા. જ્યારે વિમાનો કરાકાસ તરફ આગળ વધ્યા, ત્યારે સૈન્ય અને ગુપ્તચર એજન્સીઓએ સુનિશ્ચિત કર્યું કે બધું બરાબર થાય અને કોઈને આ ઓપરેશનની ગંધ ન આવે. પહેલા વેનેઝુએલાના રડાર અને એર ડિફેન્સ બેટરી પર બોમ્બ ફેંકવામાં આવ્યા. ત્યારબાદ હેલિકોપ્ટરોએ પોતાનું કામ શરૂ કર્યું. 160th સ્પેશિયલ ઓપરેશન્સ એવિએશન રેજિમેન્ટના ‘નાઈટ સ્ટોકર્સે ડેલ્ટા ફોર્સને ‘ફોર્ટે તિયુના’ મિલિટરી બેઝ પર ઉતાર્યું. અમેરિકી સૈનિકો રાત્રે લગભગ 2:01 વાગ્યે હેલિકોપ્ટર દ્વારા કમ્પાઉન્ડ પર પહોંચ્યા. 3 મિનિટમાં તેઓ બિલ્ડિંગની અંદર હતા અને માદુરોના રૂમ સુધી પહોંચી ગયા. માદુરો અને સિલિયા ફ્લોરેસ સ્ટીલ-રિઇનફોર્સ્ડ સેફ રૂમ તરફ ભાગવા લાગ્યા પણ અમેરિકન કમાન્ડોએ તેમને કસ્ટડીમાં લઈ લીધા છે.

## વેનેઝુએલન પ્રમુખ અને તેમની પત્નીને તત્કાળ મુક્ત કરવા ચીનની માગ

**યુકેએ** માપી તોળીને નિવેદન આપ્યું, મદુરોની ટીકા કરી અને ટ્રમ્પના પગલા અંગે કોઇ ટિપ્પણી કરવાનો ઇન્કાર કર્યો

બેઈજિંગ, તા. 4(પીટીઆઈ): ચીને રવિવારે યુનાઈટેડ સ્ટેટ્સને વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીને તરત જ મુક્ત કરવા અને વાટાઘાટો તથા સંવાદ દ્વારા મુદ્દાઓ ઉકેલવા માટે હાકલ કરી છે. અહીં ચીની વિદેશ મંત્રાલયના એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, અમેરિકા દ્વારા રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમના પત્નીને બળજબરીથી કબજે કરવા અને તેમને દેશની બહાર લઈ જવાના કૃત્ય પર ચીન ગંભીર ચિંતા વ્યક્ત કરે છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ પગલું આંતરરાષ્ટ્રીય કાયદા, આંતરરાષ્ટ્રીય સંબંધોના મૂળભૂત ધોરણો અને યુએન ચાર્ટરના હેતુઓ અને સિદ્ધાંતોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. નિવેદનમાં વધુમાં ઉમેર્યું હતું કે, ચીન અમેરિકાને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીની વ્યક્તિગત સુરક્ષા સુનિશ્ચિત કરવા, તેમને તાત્કાલિક મુક્ત કરવા, વેનેઝુએલાની સરકારને ઉથલાવી પાડવાનું બંધ કરવા અને સંવાદ તથા વાટાઘાટો દ્વારા પ્રશ્નો ઉકેલવા માટે હાકલ કરે છે. દરમ્યાન, આજે યુકેએ વેનેઝુએલામાં સત્તાના સુરક્ષિત અને શાંતિપૂર્ણ હસ્તાંતરણ માટે આહવાન કર્યું હતું. વડાપ્રધાન કીર સ્ટાર્મરે જણાવ્યું હતું કે બ્રિટન લાંબા સમયથી માદુરોની ગતિવિધિઓનો વિરોધ કરી રહ્યું છે અને તે અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલાઓની સંપૂર્ણ વિગતોની રાહ જોઈ રહ્યું છે. તેમણે આંતરરાષ્ટ્રીય કાયદા પ્રત્યેના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો, પરંતુ આ ઝડપથી બદલાતી પરિસ્થિતિમાં ટ્રમ્પના પગલાં અંગે વધુ કોઈ ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો.

## યુએસ-નેતૃત્વ શાસન પરિવર્તન અને તેમના વિનાશક પરિણામોનો ઇતિહાસ

**ફિલિપાઇન્સથી** લઇને વેનેઝુએલા સુધી જેમની સાથે અમેરિકાને ન ફાવ્યું તેમને તેણે હટાવ્યા

નવી દિલ્હી, તા. 04 : સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્રોના સ્થાનિક રાજકારણમાં દખલ કરવાની પ્રથામાં યુનાઈટેડ સ્ટેટ્સ નવું નથી. છેલ્લા 120 વર્ષોમાં આશરે 35 વિદેશી નેતાઓને બળજબરીથી દૂર કરવા માટે વોશિંગ્ટન જવાબદાર રહ્યું છે .

1901માં ફિલિપાઈન્સથી લઈ ૧૯૫૪માં ગ્વાટેમાલા અને ૧૯૮૯માં પનામા સુધી, અમેરિકાએ વારંવાર એવા નેતાઓને દૂર કરવા માટે હસ્તક્ષેપ કર્યો છે જેમને તે પ્રતિકૂળ અથવા અવિશ્વસનીય માનતું હતું. ફક્ત ગ્વાટેમાલામાં, વોશિંગ્ટને એક જ વર્ષમાં ત્રણ નેતાઓને દૂર કરવામાં મદદ કરી, જેના કારણે દાયકાઓ સુધી અસ્થિરતા અને હિંસા ફેલાઈ. 2001 ના અંતમાં,યુએસ સમર્થિત દળો કાબુલમાં પ્રવેશ કર્યો, થોડા અઠવાડિયામાં તાલિબાનના શાસનનો અંત આવ્યો. અમેરિકન સમર્થન સાથે નવા અફઘાન નેતા, હામિદ કરઝાઈ, સ્થાપિત થયા. બે દાયકા પછી, તાલિબાન લગભગ એટલી જ ઝડપથી સત્તા પર પાછા ફર્યા જેટલી ઝડપથી તેમને દૂર કરવામાં આવ્યા હતા.

ઈરાકમાં, યુએસ સૈનિકોએ 2003 માં સદ્દામ હુસૈનને આવી જ ગતિથી ઉથલાવી દીધો. વોશિંગ્ટને લોકશાહી પરિવર્તનનું વચન આપ્યું હતું, પરંતુ લાંબા સમય સુધી બળવાખોરી, સાંપ્રદાયિક ગૃહયુદ્ધ, પ્રાદેશિક અસ્થિરતા અને કહેવાતા ઈસ્લામિક સ્ટેટના ઉદય - પરિણામો જે આજે પણ મધ્ય પૂર્વને આકાર આપી રહ્યા છે.

## વેનેઝુએલામાં અમેરિકાના પગલાઓ ભયંકર પરંપરા સ્થાપિત કરશે: UN વડા

સંયુક્ત રાષ્ટ્ર, તા. 4 (PTI): સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે વધતા તણાવ અને તેના પરિણામે તે દેશના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની ધરપકડ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે આ ઘટનાક્રમ એક ખતરનાક ઉદાહરણ સ્થાપિત કરે છે.

શનિવારે તેમના પ્રવક્તા દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, મહાસચિવ વેનેઝુએલામાં તાજેતરમાં વધેલા તણાવ અને આજે થયેલી અમેરિકી સૈન્ય કાર્યવાહીથી ખૂબ જ ચિંતિત છે, જેના આ ક્ષેત્ર માટે ચિંતાજનક પરિણામો આવી શકે છે. ગુટેરેસે જણાવ્યું હતું કે વેનેઝુએલાની સ્થિતિ ભલે ગમે તે હોય, પરંતુ આ ઘટનાક્રમ એક જોખમી મિસાલ સ્થાપિત કરે છે અને તેમણે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી કે આંતરરાષ્ટ્રીય કાયદાના નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી. ગુટેરેસ દ્વારા સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર સહિત આંતરરાષ્ટ્રીય કાયદાઓનું તમામ પક્ષો દ્વારા સંપૂર્ણ સન્માન કરવામાં આવે તે વાત પર સતત ભાર મૂકવામાં આવ્યો હતો.

## વેનેઝુએલામાં અમેરિકાના લશ્કરી પગલા અંગે ભારતે ઘેરી ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હી, તા. 4(PTI): અમેરિકા દ્વારા એક સૈન્ય ઓપરેશનમાં વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્નીને પકડી લેવાયા તેના પર ભારતે રવિવારે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી અને આ પ્રદેશમાં સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે મુદ્દાઓના શાંતિપૂર્ણ નિરાકરણની હાકલ કરી હતી. શનિવારે વહેલી સવારે વેનેઝુએલાની રાજધાની કારાકાસમાં ભરવામાં આવેલા અમેરિકાના આ અભૂતપૂર્વ પગલા પર પોતાની પ્રથમ પ્રતિક્રિયા આપતા, નવી દિલ્હીએ તેલથી સમૃદ્ધ આ દક્ષિણ અમેરિકન દેશના લોકોના કલ્યાણ માટે તેના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો અને જણાવ્યું હતું કે તે બદલાતી પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. અમેરિકા માદુરો અને તેમની પત્ની લેડી સિલિયા ફ્લોરેસને ડ્રગ ટ્રાફિકિંગ સંબંધિત આરોપોનો સામનો કરવા માટે ન્યૂયોર્ક લઈ ગયું છે.

## વેનેઝુએલાનું શાસન કોના હાથમાં છે? લોકોમાં પ્રવર્તતી મૂંઝવણ

**વેનેઝુએલાની** સુપ્રીમ કોર્ટે ઉપપ્રમુખ ડેલ્સીને દેશનું શાસન સંભાળવા કહ્યું છે

કારાકાસ, 4 જાન્યુઆરી : અમેરિકી સૈન્ય દ્વારા પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ કરવામાં આવ્યા બાદ, શનિવારે વેનેઝુએલાના નાગરિકો દેશની સત્તા કોના હાથમાં છે તે સમજવા માટે મથામણ કરી રહ્યા હતા. વેનેઝુએલાની રાજધાની કારાકાસના રહેવાસી જુઆન પાબ્લો પેટ્રોન પૂછી રહ્યા હતા કે “આવતીકાલે શું થશે?” શહેરમાં ભયનો માહોલ ફેલાતા રસ્તાઓ ઝડપથી સુમસામ થઈ ગયા હતા, માત્ર સુપરમાર્કેટ અને ગેસ સ્ટેશનો પર લાંબી કતારો જોવા મળી હતી. તેમણે ઉમેર્યું, “આગામી એક કલાકમાં શું થશે તે કોઈ જાણતું નથી!” ડેલ્સી રોડ્રિગ્ઝ, જેઓ પ્રમુખ પદના અનુગામી તરીકે ક્રમમાં આગળ છે, તેઓ 2018 થી માદુરોના ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યા હતા. તેઓ વેનેઝુએલાના તેલ-આધારિત અર્થતંત્ર તેમજ ગુપ્તચર સેવાઓનું સંચાલન કરતા હતા. શનિવારે વેનેઝુએલાની સર્વોચ્ચ અદાલતે તેમને વચગાળાના પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળવા આદેશ આપ્યો હતો. જો કે તે પહેલા રોડ્રિગ્સે માદુરોને પાછા લાવવા માગણી કરી હતી.



## ત્રિશુર રેલવે સ્ટેશન પાર્કિંગમાં આગ લાગતાં લગભગ 500 ટૂ-વ્હીલર ખાખ

**ઇલેક્ટ્રિક** લાઇનમાંથી નીકળેલા તણખાને કારણે આગ લાગી હોવાની ફાયર અધિકારીઓને શંકા

**ઘણાં** ટુ વ્હીલર એકસાથે સળગતા ધુમાડાના ગોટે ગોટા નીકળ્યા, આગ એક કલાકે કાબુમાં આવી

ત્રિશુર (કેરળ), તા. 4 (પીટીઆઈ) : રવિવારે અહીં રેલવે સ્ટેશનના પાર્કિંગ વિસ્તારમાં આગ લાગતાં લગભગ 500 ટૂ-વ્હીલર બળીને ખાખ થઈ ગયા હતા. એમ ફાયર અને રેસ્ક્યુ સર્વિસના અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, પેઈડ-પાર્કિંગ શેડમાં સવારે લગભગ 6.20 વાગ્યે આગ લાગી હતી અને સવારે લગભગ 6.40 વાગ્યે ઈમરજન્સી કોલ મળ્યો હતો. ઈલેક્ટ્રિક લાઈનમાંથી નીકળેલા તણખાને કારણે આગ લાગી હોવાની શંકા છે, જે કવરથી ઢાંકેલા ટૂ-વ્હીલર પર પડ્યો હતો. અધિકારીઓનો અંદાજ છે કે, શેડમાં લગભગ 500 ટૂ-વ્હીલર પાર્ક કરવામાં આવ્યા હતા અને તેમાંથી મોટા ભાગના આ ઘટનામાં બળીને ખાખ થઈ ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, પાંચ ફાયર ટેન્ડરો તૈનાત કરવામાં આવ્યા હતા અને સવારે લગભગ 7.45 વાગ્યા સુધીમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. આગ રેલવે સ્ટેશન પ્લેટફોર્મ પર ફેલાતી અટકાવવા અને વધુ નુકસાન ન થાય તે માટે તમામ પગલાં લેવામાં આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે, આગ લાગવાની ઘટના સ્થળની નજીક રેલવે ટ્રેક પર એક એન્જિન પાર્ક કરવામાં આવ્યું હોવા છતાં રેલવેએ તેમાં કોઈ મોટૂં નુકસાન થયું હોવાની પુષ્ટિ કરી નથી.

## પેજ3

### રણવીર અને રાહા સાથે આલિયા ભટ્ટે 2026ની પોસ્ટકાર્ડવાળી તસવીર શેર કરી



મુંબઇ, તા. 4 : આલિયા ભટ્ટે 2026ની શરૂઆત એક પ્રેમભરી અને ઘનિષ્ઠ કૌટુંબિક ક્ષણ સાથે કરી હતી, જેમાં પતિ રણબીર કપૂર અને તેણે પુત્રી રાહા સાથે એક સ્વપ્નશીલ નવા વર્ષની તસવીર શેર કરી હતી. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલ સિલુએટ તસવીર પ્રેમ, ખુશી અને એકતાના શાંત પોસ્ટકાર્ડ જેવી લાગી, જેણે તરત જ ઓનલાઇન લોકોના દિલ જીતી લીધા હતા.

### જય ભાનુશાળી અને માહી વિજે 14 વર્ષના લગ્નજીવન બાદ અલગ થવાની જાહેરાત કરી



મુંબઇ, તા. 04 : અભિનેતા જય ભાનુશાલી અને માહી વિજે જાહેરાત કરી છે કે, તેઓએ અલગ થવાનો નિર્ણય લીધો છે. આ દંપતીએ એક સંયુક્ત નિવેદન શેર કરીને તેમના નિર્ણય વિશે જણાવ્યું હતું અને એ વાત પર ભાર મૂક્યો હતો કે, અલગ થવાનો નિર્ણય પરસ્પર સહમતિ અને આદર અને સમજણ સાથે કરવામાં આવ્યો છે. નોંધમાં બંનેએ કહ્યું હતું કે, તેઓ એકબીજાને સપોર્ટ કરવાનું ચાલુ રાખશે અને મિત્રો બની રહેશે.

### બિગ બોસ 19ના વિજેતા ગૌરવ ખન્નાને હજી સુધી ઇનામમાં જીતેલી કાર મળી નથી



મુંબઇ, તા. 4 : બિગ બોસ ૧૯ના વિજેતા ગૌરવ ખન્નાએ તાજેતરમાં જ તેના નવા લોન્ચ થયેલી યુટ્યુબ ચેનલ પર ચાહકો સાથે એક નિખાલસ અને રમૂજી ક્ષણ શેર કરી હતી, જેમાં તેણે તેના નજીકના મિત્ર અને સાથી સ્પર્ધક પ્રણિત મોર સાથે રિયાલિટી શોમાં જીતેલી કાર વિશે મજાક કરી. તેના તાજેતરના વ્લોગમાં ટીવી-અભિનેતાએ અંબાણી પરિવાર માટે એક પ્રતિષ્ઠિત કાર્યક્રમનું આયોજન કરવા વિશે પણ ખુલાસો કર્યો, આ અનુભવને એક મોટી વ્યક્તિગત સિદ્ધિ ગણાવી હતી. ગૌરવે જણાવ્યું હતું કે, જ્યારે તે પ્રણિતને એક હોટલમાં ડિનર માટે મળ્યો ત્યારે હળવી વાતચીત થઈ. તેને મીઠાઈનું બોક્સ આપ્યા પછી ગૌરવે મજાકમાં પ્રણિતને બિગ બોસના ઘરમાં તેણે જીતેલી કાર ભેટ આપવા કહ્યું.

## બ્રિટિશ, ફ્રેન્ચ યુદ્ધ વિમાનો સીરિયામાં ISના શંકાસ્પદ શસ્ત્ર ભંડાર પર ત્રાટક્યા

**ઇસ્લામિક** સ્ટેટ સંગઠનના સભ્યોએ જ્યાં શસ્ત્રો અને વિસ્ફોટકોનો સંગ્રહ કર્યો હોવાનું મનાતું હતું તે ટનલને નિશાન બનાવવામાં આવી

**ગાઇડેડ** બોમ્બ્સનો ઉપયોગ કરાયો, હુમલો સફળ રહ્યો હોવાના પ્રાથમિક સંકેતો

દમાસ્કસ(સીરિયા) તા. ૪(એપી): બ્રિટન અને ફ્રાન્સે મધ્ય સીરિયામાં એક ભૂગર્ભ સુવિધા પર સંયુક્ત હવાઈ હુમલો કર્યો છે, જ્યાં ઈસ્લામિક સ્ટેટ (IS) જૂથના સભ્યોએ હથિયારો અને વિસ્ફોટકોનો સંગ્રહ કર્યો હોવાની આશંકા છે.

બ્રિટનના સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે શનિવારે સાંજે દેશના હોમ્સ પ્રાંતમાં આવેલા ઐતિહાસિક શહેર પાલમાયરાની ઉત્તરે પહાડોમાં આવેલી આ સુવિધાના પ્રવેશ ટનલને નિશાન બનાવવા માટે ગાઈડેડ બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ બંને દેશો અમેરિકાના નેતૃત્વ હેઠળના ગઠબંધનનો હિસ્સો છે જે એક દાયકા કરતા વધુ સમયથી IS આતંકવાદીઓ સામે લડી રહ્યા છે.

બ્રિટનના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ‘ટાયફૂન FGR4’ ફાઈટર જેટ્સને ‘વોયેજર રિફ્યુઅલિંગ ટેન્કર’ દ્વારા મદદ પૂરી પાડવામાં આવી હતી, અને આ હુમલામાં ફ્રેન્ચ વિમાનો પણ જોડાયા હતા. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે ‘પેવવે IV’ (Paveway IV) ગાઈડેડ બોમ્બ વડે આ સુવિધાના અનેક પ્રવેશ માર્ગોને નિશાન બનાવવામાં આવ્યા હતા, અને પ્રાથમિક સંકેતો મુજબ લક્ષ્ય પર સફળતાપૂર્વક પ્રહાર કરવામાં આવ્યો હતો. સંરક્ષણ મંત્રી જોન હીલીએ જણાવ્યું હતું કે યુકે IS ના કોઈપણ પુનરુત્થાનને નાબૂદ કરવા માટે અમારા સાથી દેશો સાથે ખભેથી ખભા મિલાવીને ઊભા રહેવા માટે મક્કમ છે.

## મમતાની CEC સમક્ષ બંગાળમાં ખામીયુક્ત SIR રોકવા વિનંતી

**મમતાએ** મોટા પાયે મતાધિકાર છીનવાઈ જવાની ચેતવણી આપી

કોલકાતા, તા. 4 (પીટીઆઈ) : ચૂંટણી પંચ પર પોતાના હુમલાને વધુ તીવ્ર બનાવતાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સીઈસી જ્ઞાનેશ કુમારને રાજ્યમાં મનસ્વી અને ખામીયુક્ત એસઆઈઆર રોકવા વિનંતી કરી હતી અને ચેતવણી આપી હતી કે, વર્તમાન સ્વરૂપમાં તે ચાલુ રહેશે તો મોટા પાયે મતાધિકાર છીનવાઈ શકે છે અને લોકશાહીના પાયા પર પ્રહાર થઈ શકે છે. 3 ડિસેમ્બરના રોજ કડક શબ્દોમાં લખાયેલા પત્રમાં બેનર્જીએ કમિશન પર એક એવી પ્રક્રિયાની અધ્યક્ષતા કરવાનો આરોપ લગાવ્યો, જેને તેમણે બિનઆયોજિત, તૈયારી વિનાની અને વહીવટી ખામીઓવાળી પ્રક્રિયા ગણાવી, જેમાં ગંભીર અનિયમિતતા, પ્રક્રિયાગત ઉલ્લંઘન અને વહીવટી ખામીઓ હોવાનો આરોપ મૂક્યો હતો.